Volume XI, Issue VII, January-March: 2017

ISSN: 2350-0697
Impact Factor (IIJIF): 2.021

# 'પાલનપુરના લોકપ્રિય દીવાન શ્રી જોરાવરખાનજી' ( ઇ.સ.૧૮૫૪ થી ૧૮૭૭ )

ડૉ દિપકભાઇ એમ પટેલ
જી.ડી.મોદી કોલેજ ઓફ આર્ટસ, પાલનપુર.

### પ્રારંભિક જીવન :-

ઇ.સ.૧૮૨૫ માં પાલણપુર રાજ્યના દીવાન શ્રી ફતેહખાનજીને ત્યાં પુત્રનો જન્મ થયો. તેનુ નામ જોરાવરખાન રાખવામાં આવ્યુ. તેની માતાનું નામ લાડુબાઇ હતુ. તેઓ દીવાન ફતેહખાનજીના મોટા પુત્ર હતા.

વડીદરાના રહીશ મહાબતખાન બાબીની દીકરી ઉમરાવબખ્તે સાથે જોરાવરખાનજીના પ્રથમ લગ્ન થયા. ઇ.સ.૧૮૩૯માં ઝાલા રજપુત રૂપાબાઇની પુત્રી નંદુબા ઝાલાજી સાથે બીજું લગ્ન કર્યું. તેમનાથી પુત્રીનો જન્મ થયો. તેનું નામ રાજરાણી હતુ. ઇ.સ.૧૮૪૬માં નંદુબા ઝાલાજી ગુજરી જતાં તેમની નાની બહેન નાનીબા ઝાલી સાથે લગ્ન કર્યા.[1]

### રાજગાદીની પ્રાપ્તિ :-

૭ ડિસેમ્બર ઇ.સ.૧૮૫૪ના પોલિટીકલ ડિપાર્ટમેન્ટના પત્ર મુજબ જોરાવરખાન 30 જુલાઇ ૧૮૫૪ના રોજ ૨૯ વર્ષની ઉંમરે ગાદીએ આવ્યો.[2] હેબતપુરના વિહારી ઠાકોર ઉસ્માનખાનના લોહીથી રાજતિલક કરવામાં આવ્યુ. તે સમયના પાલણપુર રાજ્યના પોલિટીકલ સુપિટેન્ડેન્ટ મેજર જે.આર.કેઇલી સાહેબે દીવાન શ્રી જોરાવરખાનજીને શુભેચ્છાઓ પાઠવી હતી.[3]

### મહાખાનનો ખિતાબ :-

અફઘાન યુધ્ધમાં અંગ્રેજ સરકારને સારી મદદ કરવા બદલ પાલણપુરના દાવાન શ્રી જોરાવરખાનજીને ૧૧ જુલાઇ ૧૮૫૪ના રોજ મહાખાનનો ખિતાબ આપવામાં આવ્યો.[4]

### ખિમતનો બળવો :-

ખિમતના સરદાર ઉમેદસિંહે બળવો કર્યો ત્યારે મલકા મહેતા પાંચાવાડાના તહેસીલદાર હતા. તેમણે એક રિપોર્ટ તૈયાર કર્યો. આ રિપોર્ટ તેમણે પાલણપુર રાજ્યના વઝીર ઇશ્વર મહેતાને આપ્યો, તેથી ગભરાઇને ઉમેદસિંહ ગામ છોડીને ભાગી ગયા.

### ઇ.સ.૧૮૫૭નો વિપ્લવ :-

પાલણપુર રાજ્યના દીવાન શ્રી જોરાવરખાનજી અંગ્રેજ સરકારના શુભેચ્છક હતા. તેમણે ઇ.સ.૧૮૫૭ના વિપ્લવ સમયે અંગ્રેજ સરકારને પક્ષે રહી કિંમતી સેવા બજાવી હતી.[5] ડીસા કેમ્પ માટે (પડાવ) અંગ્રેજ સરકારને પરવાની આપ્યો.

દીવાન શ્રી જોરાવરખાનજીના રાજ્ય અમલમાં સૌથી અગત્યનો બનાવ એ હતો કે ઇ.સ.૧૮૫૭/૫૮ના બળવા સમયે અંગ્રેજ સરકારને વફાદાર રહી મદદ કરી હતી તે વખતે રાજ્યના સાધનો બ્રિટીશ સરકારને અર્પણ કરવામાં આવ્યા હતા. ભર ચોમાસે ખેડૂતો પોતાનું વાવેતરનું કામ છોડવા ખુશી ન હતા તો પણ મેજર જનરલ રોબર્ટસની સરદારી નીચે તેમનાં બળદગાડા લશ્કરી સરંજામને નસીરાબાદ અને કોટા સુધી લઇ જવાની બ્રિટીશ સરકારની માગણી દીવાન શ્રી જોરાવરખાનજીએ પુરી પાડી. પાલણપુર રાજ્યે સમયસર મદદ કરી તેથી લશ્કરનો દારૂગોળો નસીરાબાદ પહોંચી શક્યો હતો. આ સમયે જોરાવરખાનજી અડગ રહ્યા હતા. રાજ્યદ્રોહના દરેક પ્રયત્નો અટકાવ્યા હતા અને નામદાર સરકારના રાજ્યમાં પોતાનો વિશ્વાસ ખુલ્લી રીતે જાહેર કર્યો હતો. પોતાના રાજ્યની બહાર પણ હથિયાર બંધ માણસો માગવામાં આવ્યા ત્યારે પુરા પાડવામાં આવ્યા હતા.[6] આ સમયે બ્રિટીશ રાજ્યના સબંધમાં દોસ્તી અને વફાદારીનો હક પુરેપુરો બજાવ્યો હતો.[7] તે સમયે અંગ્રેજોને ખૂબ મદદ કરી હતી.[8] આ વિપ્લવ દરમિયાન એક માણસ બળવાખોર બન્યો અને તે પોતાના માટે લુંટફાટ કરવા લાગ્યો, લુંટફાટ કરતો કરતો ફીરોઝશાહના મઠ સુધી આવી પહોંચ્યો. આ સમયે રાજ્ય અને દેશમાં અંધાધુંધી હતી. પોતાની પાસે પુરતા સૈનિકો ન હતા. તેથી અંગ્રેજ લશ્કરની મદદથી લુંટફાટ કરતા બળવાખોરોને અટકાવી, પ્રજાના હિતમાં સરકાર પક્ષે રહી પ્રજાનું રક્ષણ કર્યું.

ઇ.સ.૧૮૫૭માં રોહીના ઠાકોરે બંડ કરી પાલણપુરના કેટલાક ગામડાં લુંટ્યા. ડીસા, સમડી, પાલણપુર અને સિરોહીમાંથી કેટલાક ઠાકોરો બંડમાં જોડાયા હતા. આ તોફાનો સમાવી દેવામાં આવ્યા.[9] ગુજરાતમાં ક્રાંતિકારી પ્રવૃતિથી પાલણપુરના દીવાન દૂર રહ્યા હતા.[10]

### અમદાવાદમાં શાહી દરબાર :-

ઇ.સ.૧૮૫૮માં વિપ્લવના શમન પછી અમદાવાદમાં 28મી જાન્યુઆરી ઇ.સ.૧૮૫૮ના રોજ શાહી દરબાર ભરવામાં આવ્યો. તેમાં બ્રિટીશ સરકારને મદદ કરનાર તમામ દેશી રાજ્યોના રાજાઓ અને દીવાનોને બોલાવવામાં આવ્યા. પાલણપુરના દીવાન શ્રી જોરાવરખાનજીને મુંબઇના ગવર્નર સર બાર્ટર ફરિયરે સ્વાગત કરતાં કહ્યું કે, 'તેમના શાસનમાં સરકાર પક્ષે રહી પોતાની પ્રજાનું હિત ધ્યાનમાં રાખી વફાદારીથી શાસન કર્યું તે બદલ ખુબ જ આનંદ વ્યક્ત કરુ છું.'[11] દીવાન શ્રી જોરાવરખાનજીને તેની સરકારની નિપુણતાનો અભિનંદન પાઠવતા ૫ત્રમાં ભારત સરકારે રૂ.3000/- ની ખિલત મંજુર કરી હતી.[12] દીવાનને તેની નિપુણતા તેમના પુર્વજો પાસેથી વારસામાં મળી હતી. બ્રિટીશ સરકારને તેમના કામથી સંપૂર્ણ સંતોષ હતો. આ શાહી દરબારમાં દીવાનના નિપુણતાની ખુબ પ્રસંશા કરી હતી.

### અંગ્રેજ સરકાર તરફથી મળેલ સનદ :-

મહારાણી વિક્ટોરિયાની એવી ઇચ્છા છે કે હિંદુસ્તાનમાં કેટલાક રાજાઓ અને સરદારો પોતાના રાજમાં બ્રિટીશ કાયદાઓનો અમલ કરે છે. તેઓના રાજ્યો અમર રહે અને તેઓના કુટુંબોનો દરજ્જો અને ઓલાદ જારી રહે તે ઇચ્છા પુર્ણ